**Divyabhaskar (Citybhaskar)**

EDII

April 13, 2019
Pg. No. 2

# EDIIએ 22 વિકાસશીલ દેશોનાં 60 આંત્રપ્રિન્યોર્સને તાલિમ આપી



## ITECના ગ્લોબલ પ્રોગ્રામ અંતગર્ત આ પ્રોગ્રામ થયો

સિટીરિપોર્ટર cbamdavad@gmail.com

ભારત સરકારનાં વિદેશ મંત્રાલયના ડિવિઝન ITEC દ્વારા વિકાસશીલ દેશોમાં બિઝનેસ ગ્રો કઈ રીતે કરી શકાય તે માટે 6 વીકનો ટ્રેનિંગ પ્રોગ્રામ બનાવવામાં આવ્યો છે.આ પ્રોગ્રામ અંતગર્ત ઈડીઆઈઆઈ ખાતે શ્રીલંકા, કેન્યા, ઈજીપ્ત, ટર્કી, નાઈજિરિયા, ઝિમ્બાબ્વે, અને ચીલી સહિતના દેશોમાંથી 60 જેટલા લોકોએ તાલિમ મેળવી હતી. ગઈકાલે ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે 6 વીકના પ્રોગ્રામની પૂર્ણાહુતી નિમિત્તે સન્માન સમારોહ યોજાયો હતો.

22 વિકાસશીલ દેશોના 60 જેટલા મેમ્બર્સે ઇનફોર્મલ સેક્ટર એન્ટરપ્રાઈઝ, આંત્રપ્રિન્યોરશિપ એન્ડ લોકલ ઈકોનોમિક ડેવલપમેન્ટ અને ક્લસ્ટર ડેવલપમેન્ટ એક્ઝિક્યુટિવ્સ નામે કુલ ત્રણ પ્રોગ્રામમાં તાલિમ મેળવી હતી.જેમાં ક્લાસરૂમ ટ્રેનિંગ, ઈન્ડસ્ટ્રીઝ વિઝિટ અને કેસસ્ટડી દ્વારા બિઝનેસ સ્કિલ કઈ રીતે ડેવલપ કરી શકાય અને ઈન્ડિયામાં બિઝનેસ ગ્રો કરવા માટે ક્યા પ્રકારનું પ્લાનિંગ કરવુ જોઈએ સહિત વિવિધ મુદ્દા પર આંત્રપ્રિન્યોરશિપ એક્સપર્ટે 60 લોકોને તાલિમ આપી હતી. ભારત સરકારનાં વિદેશ મંત્રાલયનાં જોઈન્ટ સેક્રેટરી અને ITEC ડિવિઝનનાં હેડ દેવ્યાની ખોબ્રાગડેએ કહ્યું કે, 'આ કાર્યક્રમોનો ઉદ્દેશ પાર્ટનર દેશો વચ્ચે વિકાસલક્ષી કાર્યો વહેંચવાનો છે. આપણે બધા એકબીજા, ઉદ્યોગસાહસિકતાનાં વિવિધ પાસાં, એસએમઈ વિકાસ, ક્લસ્ટર સ્પર્ધાત્મકતા અને અનૌપચારિક ક્ષેત્રનાં ઉદ્યોગસાહસોની વૃદ્ધિમાંથી શીખી શકીએ છીએ'.ઈડીઆઈઆઈનાં ડાયરેક્ટર ડો. સુનિલ શુક્લાએ કહ્યું કે,'આ પ્રોગ્રામ પાછળનો મુખ્ય ઉદ્દેશ હાર્ડકોર પ્રોફેશનલ્સની કેડરને વિકસાવવાનો છે, જેઓ વિકાસશીલ દેશોમાં આર્થિક પ્રવૃત્તિઓનાં પ્રોત્સાહન માટે કામ કરશે. કાર્યક્રમો નવા સાધનો અને ટેકનિકો સાથે સજ્જ હતાં, જે નવા ઉદ્યોગસાહસોનું સર્જન કરવા સંભવિત ઉદ્યોગસાહસિકો તરફ દોરી જાય છે તેમજ હાલનાં નાનાં ઉદ્યોગસાહસોની વૃદ્ધિને સહાય પણ કરે છે, જેથી નીતિનિર્માતાઓ અને આયોજકોનાં સંબંધિત દેશોનાં આર્થિક વિકાસ માટે પ્રયાસોનાં સઘન અને મજબૂત બને છે'.